# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. વિરોધ પક્ષોના હોબાળાના પગલે લોકસભાની કાર્યવાહી બે વાગ્યા સુધી સ્થગિત.
2. ટ્રેડ ડિલને ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી પિયૂષ ગોયેલે બંને દેશો માટે ઐતિહાસિક ગણાવી.
3. ભારત અમેરિકા વચ્ચેના વ્યાપારી કરાર બાદ એનડીએ સંસદીય સમિતિમાં પ્રધાનમંત્રીનું સન્માન કરાયું.
4. ભારતઅને અમેરિકા વચ્ચે ટ્રેડ ડિલ બાદ ભારતીય શેરબજારમાં તેજી , સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટો ઉછાળો
5. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે મુંબઈ-અમદાવાદ હાઇ-સ્પીડ રેલ પ્રોજેક્ટના બીજી પર્વતીય ટનલના સફળ નિર્માણની જાહેરાત કરી.
6. મહિલા ક્રિકેટમાં આજે વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં ગુજરાત જાયન્ટસ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મૂકાબલો .

,,.......................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# LS - ADJOURN

વિરોધ પક્ષોના હોબાળાને કારણે લોકસભા બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. આજે ગૃહની કાર્યવાહી શરૂ થઈ ત્યારે , લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ભૂતપૂર્વ સાંસદ સુરૂપસિંગ હિર્યા નાઈકના નિધન પર શ્રદ્ધાંજલિ આપી.

ગૃહે દિવંગત નેતાના માનમાં મૌન પણ પાળ્યું . ત્યારબાદ લોકસભા અધ્યક્ષે પ્રશ્નકાળ શરૂ કર્યો જેમાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે CAPF તાલીમ સંસ્થા અંગેના પ્રશ્નનો જવાબ આપવાનો પ્રયાસ કર્યો પરંતુ વિપક્ષના હોબાળાને કારણે તેઓ પોતાનો જવાબ પૂર્ણ કરી શક્યા નહીં. શ્રી બિરલાએ વિપક્ષી સભ્યોના વર્તન પર ચિંતા વ્યક્ત કરી અને તેમને ગૃહને કાર્યરત રાખવાની અપીલ કરી. જો કે વિપક્ષી સભ્યોએ વિરોધ ચાલુ રાખતા ગૃહની કાર્યવાહી પ્રથમ બપોરે 12 વાગ્યા સુધી બાદમાં 2 વાગ્યા સુધી સ્થગિત કરાઇ હતી.

. . . . . . . . . . . . . . . . . . . .

# LS - CAPF TRAINING

દેશના વિવિધ પ્રદેશોમાં હાલમાં 28 કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના તાલીમ કેન્દ્રો કાર્યરત છે. આજે લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે આ માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું કે આ કેન્દ્રો **CAPF** કર્મચારીઓને પરંપરાગત પદ્ધતિઓ દ્વારા આધુનિક તકનીકો સાથે તાલીમ આપી રહ્યા છે અને વર્તમાન પડકારો અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સરકારે દળોને વ્યાપક તાલીમ સુનિશ્ચિત કરી છે.

મંત્રીએ કહ્યું કે , આ તાલીમના પરિણામે , નક્સલવાદ અને ડાબેરી ઉગ્રવાદ દેશમાંથી લગભગ નાબૂદ થઈ ગયો છે અને આ વર્ષે માર્ચ સુધીમાં સંપૂર્ણપણે નાબૂદ થવાની અપેક્ષા છે. શ્રી રાયે ઉમેર્યું હતું કે અદ્યતન તાલીમથી આતંકવાદ વિરોધી કામગીરી પણ મજબૂત થઈ છે અને આંતરિક સુરક્ષા જાળવવામાં મદદ મળી છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# GOYAL- IND-US TRADE DEAL

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમજ ભારત અને અમેરિકાના લોકોને આ ઐતિહાસિક વેપાર કરાર બદલ અભિનંદન પાઠવ્યા.

તેમણે કહ્યું કે, આ વેપાર કરાર બે સમાન વિચારધારા ધરાવતા, વેપાર કરતા લોકશાહી દેશોની શક્તિને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે આ કરાર ખેડૂતો , **MSME,** ઉદ્યોગસાહસિકો અને કુશળ કામદારો માટે મેક ઇન ઇન્ડિયા , ડિઝાઇન ઇન ઇન્ડિયા અને ઇનોવેટ ઇન ઇન્ડિયા માટે અભૂતપૂર્વ તકો પ્રદાન કરશે.

તેમણે ઉમેર્યું કે તે ભારતને અમેરિકા પાસેથી ટેકનોલોજી મેળવવામાં મદદ મળશે. શ્રી ગોયલે કહ્યું કે આ માત્ર એક વેપાર કરાર નથી પરંતુ એક ઐતિહાસિક અવસર છે .

. . . . . . . . . . . . . . . . . . . . .

# CAIT REAX-INDIA-US TRADE

અખિલ ભારતીય વેપારી સંઘ CAIT એ ભારત-અમેરિકા વેપાર કરારને આવકારતા તેને એક ઐતિહાસિક પગલું ગણાવ્યું.

સંઘના જનરલ સેક્રેટરી પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું હતું કે આ કરારથી દ્વિપક્ષીય વેપારને વેગ મળશે , વધુ રોકાણ આવશે અને ખાસ કરીને ભારતના નાના અને મધ્યમ ઉદ્યોગો , સ્ટાર્ટઅપ્સ અને ઉત્પાદન ક્ષેત્ર માટે મોટા પાયે રોજગારીની તકો ઉભી થશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# FUR REV NDA - PARLIAMENTARY PARTY

સંસદ ભવન સંકુલમાં આજે NDA સંસદીય પક્ષની બેઠક દરમિયાન NDA સાંસદોએ ભારત-અમેરિકા વચ્ચેના ઐતિહાસિક વેપાર કરાર માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સન્માન કર્યું. બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા , સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે અમેરિકા સાથેનો વેપાર કરાર ઐતિહાસિક છે અને તે ભારત- EU મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર થયાના એક અઠવાડિયાની અંદર જ આવ્યો છે.

તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં, બધા વિકસિત દેશો ભારત સાથે સંકલનમાં કામ કરવા માંગે છે. શ્રી રિજિજુએ માહિતી આપી હતી કે અત્યાર સુધીમાં 39 દેશો સાથે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

## (બાઇટ - કિરેન રિજિજુ)

NDA સંસદીય પક્ષની બેઠકમાં નવા ચૂંટાયેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન કેન્દ્રીય મંત્રીઓ અમિત શાહ, રાજનાથ સિંહ, જેપી નડ્ડા, અશ્વિની વૈષ્ણવ, ભૂપેન્દ્ર યાદવ, લોક જનશક્તિ પાર્ટીના સાંસદ ચિરાગ પાસવાન , AIADMK સાંસદ એમ. થામ્બી દુરાઈ , NCP સાંસદ પ્રફુલ પટેલ , અપના દળ ( S)ના સાંસદ અનુપ્રિયા પટેલ સહિત NDA સાંસદો હાજર રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# CIVIL AVIATION-BUDGET

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે કેન્દ્રીય બજેટ 2026-27 ને આવકારતા કહ્યું કે તે દેશના ઉડ્ડયન ક્ષેત્રને આત્મનિર્ભર બનાવવામાં સમર્થન આપે છે. મંત્રાલયે કહ્યું કે વિમાન અને ભારતીય ઘટકો પર મૂળભૂત કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ સ્થાનિક વિમાન ઉત્પાદનને નોંધપાત્ર રીતે વેગ આપશે.

આકાશવાણી સાથે વાત કરતા , નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સચિવ સમીર સિંહાએ જણાવ્યું હતું કે જાળવણી, સમારકામ અને ઓવરહોલ સાધનોના ભાગો પર કસ્ટમ ડ્યુટી મુક્તિ 2028 સુધી લંબાવવાથી ભારત વૈશ્વિક વિમાન જાળવણી કેન્દ્ર તરીકે મજબૂત બનશે.

તેમણે ઉમેર્યું હતું કે આ પગલાં ખર્ચ ઘટાડશે , કુશળ નોકરીઓનું સર્જન કરશે અને વૈશ્વિક ઉડ્ડયન ઇકો-સિસ્ટમમાં ભારતની સ્પર્ધાત્મકતા વધારશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# VAISHNAW TUNNEL BREAKTHROUGH EARLY

કેન્દ્રીય રેલવે  મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે મુંબઈ-અમદાવાદ હાઇ-સ્પીડ રેલ પ્રોજેક્ટના બીજી પર્વતીય ટનલના  સફળ નિર્માણની જાહેરાત કરી.

મહારાષ્ટ્રના પાલઘરમાં આ પ્રસંગે બોલતા તેમણે કહયું કે દેશના મહત્વાકાંક્ષી બુલેટ ટ્રેન કોરિડોરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. સારી ગતિએ કામ કરવા બદલ સમગ્ર ટીમની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે સમગ્ર વિશ્વ ભારતના પ્રથમ હાઇ સ્પીડ રેલ પ્રોજેક્ટનું સાક્ષી બની રહ્યું છે.

શ્રી વૈષ્ણવે માહિતી આપી કે પાલઘરમાં બીજી પર્વતીય ટનલનું કામકાજ એક મહિનામાં પૂર્ણ થયું છે અને આ પ્રોજેક્ટમાં 334 કિલોમીટરનો વાયડક્ટ અને 417 કિલોમીટરનું  પિયર બાંધકામ પૂર્ણ થયું છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# STOCK MARKET

ભારત અને અમેરિકાના વ્યાપાર કરારને લઇને શેરબજારમાં તેજીનો માહોલ સર્જાયો હતો. સવારથી જ માર્કેટ વધારા સાથે કારોબાર કરી રહ્યું છે. મોટાભાગના શેરોમાં લેવાલીના પગલે સેન્સેક્સ બે હજાર ચારસો અને નિફ્ટીમાં સાતસો અંક કરતાં વધુનો ઉછાળો નોંધાયો હતો. વિદેશી અને સ્થાનિક રોકાણકારોએ જોરદાર લેવાલી કરી હતી

. . . . . . . . . . . . . . . . . . . . .

# WB-ED RAID

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ED દ્વારા આજે પશ્ચિમ બંગાળમાં અનેક સ્થળોએ દરોડાની કાર્યવાહી ચાલી રહી છે.

જેમાં દુર્ગાપુરમાં કોલસા અને રેતીનો વેપાર કરતા એક ઉદ્યોગપતિ પ્રબીર દત્તાના ઘરની તપાસ , બુડબડ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ ઓફિસર મનોરંજન મંડલના ઘરે તપાસ અને કોલસાની દાણચોરીના કેસમાં આસનસોલ ટાઉનના જમુરિયા ખાતે એક વ્યવસાયીના ઘરે તપાસ ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# PUNJAB-ACCIDENT UTTARAKHAND BUS ACCIDENT

ઉત્તરાખંડના દહેરાદૂનમાં હિમાચલ રોડવેઝની બસ ઊંડી ખીણમાં પડી ગઈ હોવાના અહેવાલ છે. બસમાં લગભગ 30 મુસાફરો સવાર હતા. હાલ રાહત અને બચાવ કામગીરી હાલમાં ચાલી રહી છે.

પંજાબના હોશિયારપુરમાં થયેલા માર્ગ અકસ્માતમાં સ્કૂટર સવાર ચાર લોકોના મોત થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર , ભોગ બનેલા બધા વેઈટર હતા અને તેઓ લગ્ન સ્થળેથી પરત ફરી રહયા હતા ત્યારે તેમના સ્કૂટરને એક કારે ટક્કર મારી હતી.

. . . . . . . . . . . . . . . . . . . .

# SABARIMALA -PROTEST

વિપક્ષે સબરીમાલા સોનાના કેસ પર વિરોધ પ્રદર્શિત કરતાં તિરુવનંતપુરમમાં, આજે કેરળ વિધાનસભાની કાર્યવાહી વારંવાર ખોરવાઈ ગઈ હતી. વિપક્ષોએ સ્પીકરના મંચ સુધી પહોંચવાનો પ્રયાસ કરતા એક વિપક્ષી ધારાસભ્યને ગૃહમાંથી દૂર કરવામાં આવ્યા હતા. દરમિયાન , બે વિપક્ષી ધારાસભ્યોએ દેવસ્વોમ મંત્રી એમ.બી. રાજેશના રાજીનામાની માંગણી સાથે વિધાનસભા ભવનની સામે ધરણા કર્યા હતા.

વિપક્ષી નેતા વી.ડી. સતીસને આરોપ લગાવ્યો કે આ કેસના આરોપીઓ તપાસમાં ખામીઓ અને વિલંબને કારણે કાયદાકીય જામીન મેળવી રહ્યા છે. તેમણે દાવો કર્યો કે તપાસ નિષ્ફળ ગઈ છે.

આરોપોનો જવાબ આપતા , મંત્રી રાજેશે વિપક્ષ પર આ મુદ્દા પર સ્થગિત પ્રસ્તાવ રજૂ કર્યા વિના ગૃહને ખોરવવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે તપાસ હાઇકોર્ટની દેખરેખ હેઠળ આગળ વધી રહી છે

. . . . . . . . . . . . . . . . . . . .

# WPL

મહિલા ક્રિકેટ લીગમાં , ગુજરાત જાયન્ટ્સ આજે વડોદરાના કોટંબીના BCA સ્ટેડિયમ ખાતે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 07:30 વાગ્યે શરૂ થશે.

આજની વિજેતા ટીમ ગુરુવારે ફાઇનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે સીધી ટકરાશે. સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની RCB મહિલા ટીમ લીગ સ્ટેજમાં ટેબલ ટોપર્સ તરીકે ટાઇટલ મુકાબલામાં પોતાનું સ્થાન બનાવી લીધું છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# FLIGHT DELAY

રાષ્ટ્રીય રાજધાનીમાં ગાઢ ધુમ્મસને કારણે દિલ્હી એરપોર્ટ પર ફ્લાઇટ કામગીરી પર અસર પડી રહી છે , હાલમાં ફ્લાઇટ્સ CAT III ની સ્થિતિમાં છે , જેના કારણે વિલંબ અથવા વિક્ષેપ પડી શકે છે.

દિલ્હી એરપોર્ટે એક ચેતવણી જારી કરીને મુસાફરોને તેમની સંબંધિત એરલાઇન્સનો સંપર્ક કરવા અથવા નવીનતમ ફ્લાઇટ માહિતી માટે સત્તાવાર વેબસાઇટની મુલાકાત લેવા જણાવ્યું છે. જરૂરી સહાય પૂરી પાડવા માટે ટર્મિનલ્સ પર ઓન-ગ્રાઉન્ડ અધિકારીઓ ખડેપગે છે.

એરપોર્ટ સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે તેઓ મુસાફરોની અસુવિધાને નિવારવા  કામ કરી રહ્યા છે. મુસાફરોને એરપોર્ટ પર જતા પહેલા નવીનતમ ફ્લાઇટ સ્થિતિ તપાસવાની સલાહ આપવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . .